1. **વિધાનનાં નિષેધ લખો : ચેન્નઈ તમિલનાડુનું પાટનગર છે.**

➥ **વિધાન $p$ :** ચેન્નઈ તમિલનાડુનું પાટનગર છે.

$\sim p$ : ચેન્નઈ તમિલનાડુનું પાટનગર નથી.

2. **વિધાનની જોડ પરસ્પર નિષેધ દર્શાવે છે ? :**

**સંખ્યા $x$ એ સંમેય સંખ્યા છે.**

**સંખ્યા $x$ એ અસંમેય સંખ્યા છે.**

➥ **વિધાન $p$ :** સંખ્યા $x$ એ સંમેય સંખ્યા છે.

$\sim p$ : સંખ્યા $x$ એ અસંમેય સંખ્યા નથી. અર્થાત્ સંખ્યા $x$ એ અસંમેય સંખ્યા છે.

$\therefore$ આપેલ વિધાનયુગ્મ પરસ્પર નિષેધ છે.

3. **વિધાનનાં નિષેધ વિધાન લખો :** ક્રિસમસ 25 મી ડિસેમ્બરનાં રોજ ઉજવવામાં આવે છે.

➥ **ક્રિસમસ 25 મી ડિસેમ્બરનાં રોજ ઉજવવામાં આવતી નથી.**

4. **સંયોજિત વિધાનનાં ઘટક વિધાન શોધો અને તે સત્ય છે કે અસત્ય તે ચકાસો :**

કાનપુર ભારતમાં આવેલ છે અને $7 \times 5 = 35$.

➥ **$p$ : કાનપુર ભારતમાં આવેલ છે.**

**$q$ : $7 \times 5 = 35$**

**$\Rightarrow p$ તથા $q$ બંને સત્ય છે.**

5. **સંયોજિત વિધાનનાં ઘટક વિધાન શોધો અને તે સત્ય છે કે અસત્ય તે ચકાસો :**

ગુજરાત એ ભારતનું રાજ્ય છે. અથવા અમદાવાદ એ મહારાષ્ટ્રમાં આવેલું છે.

➥ **$p$ : ગુજરાત ભારતનું રાજ્ય છે.**

**$q$ : અમદાવાદ મહારાષ્ટ્રમાં આવેલું છે.**

**$\Rightarrow p$ સત્ય છે. $q$ અસત્ય છે.**

6. **વિધાનનાં નિષેધ વિધાન લખો :** જ્યોર્જ કેન્ટરે ગણ સિદ્ધાંતનો વિકાસ કર્યો હતો.

➥ **જ્યોર્જ કેન્ટરે ગણ સિદ્ધાંતનો વિકાસ કર્યો ન હતો.**

7. **વિધાનનાં નિષેધ વિધાન લખો :** 11 એ અવિભાજ્ય સંખ્યા છે.

➥ **11 એ અવિભાજ્ય સંખ્યા નથી.**

8. **વિધાનનાં નિષેધ લખો : $\sqrt{2}$ સંકર સંખ્યા નથી.**

➥ **વિધાન $p$ :** $\sqrt{2}$ સંકર સંખ્યા નથી.

$\sim p$ : $\sqrt{2}$ સંકર સંખ્યા છે.

9. **વિધાનનાં નિષેધ લખો : બધા ત્રિકોણો એ સમબાજુ ત્રિકોણ નથી.**

➥ **વિધાન $p$ :** બધા ત્રિકોણો એ સમબાજુ ત્રિકોણ નથી.

$\sim p$ : બધા ત્રિકોણો એ સમબાજુ ત્રિકોણ છે.

10. **વિધાનનાં નિષેધ લખો : 2 એ 7 કરતાં મોટી સંખ્યા છે.**

➥ **વિધાન $p$ :** 2 એ 7 કરતાં મોટી સંખ્યા છે.

$\sim p$ : 2 એ 7 કરતાં મોટી સંખ્યા નથી.

11. **વિધાનનાં નિષેધ લખો : દરેક પ્રાકૃતિક સંખ્યા એ પૂર્ણાંક સંખ્યા છે.**

➥ **વિધાન $p$ :** દરેક પ્રાકૃતિક સંખ્યા એ પૂર્ણાંક સંખ્યા છે.

$\sim p$ : દરેક પ્રાકૃતિક સંખ્યા એ પૂર્ણાંક સંખ્યા નથી.

**12. વિધાનની જોડ પરસ્પર નિષેધ દર્શાવે છે ? :**

**સંખ્યા $x$ એ સંમેય સંખ્યા નથી.**

**સંખ્યા $x$ એ અસંમેય સંખ્યા નથી.**

➥ વિધાન $p$ : સંખ્યા $x$ એ સંમેય સંખ્યા નથી.

$\therefore \sim p$ : સંખ્યા $x$ એ અસંમેય સંખ્યા છે.

$\therefore$ આપેલ વિધાનયુગ્મ પરસ્પર નિષેધ છે.

**13. વિધાનનાં નિષેધ વિધાન લખો :** સમઘન એ સમતલીય આકૃતિ છે.

➥ **સમઘન એ સમતલીય આકૃતિ નથી.**

**14. નીચેનાં સંયુક્ત વિધાનોનાં ઘટક વિધાનો શોધો અને તે સત્ય છે કે અસત્ય તે ચકાસો :**

**100 એ 3, 11 અને 5 થી વિભાજ્ય છે.**

➥ ઘટક વિધાનો :

$p$ : 100 એ 3 થી વિભાજ્ય છે.

$q$ : 100 એ 11 થી વિભાજ્ય છે.

$r$ : 100 એ 5 થી વિભાજ્ય છે.

અહીં વિધાન $p$ અને $q$ અસત્ય છે. જ્યારે વિધાન $r$ સત્ય છે.

**15. સંયોજિત વિધાનનાં ઘટક વિધાન શોધો અને તે સત્ય છે કે અસત્ય તે ચકાસો :**

$(3)^2 = 9$ અને $(-3)^2 = 9$.

➥ $p : (3)^2 = 9$

$q : (-3)^2 = 9$

$\Rightarrow p$ **અને** $q$ **બંને સત્ય છે.**

**16. નીચેનાં સંયુક્ત વિધાનોનાં ઘટક વિધાનો શોધો અને તે સત્ય છે કે અસત્ય તે ચકાસો :**

**બધાં પૂર્ણાંકો ધન અથવા ઋણ છે.**

➥ ઘટક વિધાનો :

$p$ : બધાં પૂર્ણાંકો ધન છે.

$q$ : બધાં પૂર્ણાંકો ઋણ છે.

અહીં વિધાન $p$ અને $q$ બંને અસત્ય છે.

**17. વિધાનનાં નિષેધ વિધાન લખો :** ગણિત એ વિજ્ઞાનની રાણી છે.

➥ **ગણિત એ વિજ્ઞાનની રાણી નથી.**

**18. વિધાનનાં નિષેધ વિધાન લખો :** દરેક લંબચોરસ એ સમાંતરબાજુ ચતુષ્કોણ હોય છે.

➥ **દરેક લંબચોરસ એ સમાંતરબાજુ ચતુષ્કોણ નથી.**

**19. નીચેનાં સંયુક્ત વિધાનોનાં ઘટક વિધાનો શોધો અને તે સત્ય છે કે અસત્ય તે ચકાસો :**

**3 એ અવિભાજ્ય સંખ્યા છે અથવા અયુગ્મ છે.**

➥ ઘટક વિધાનો :

$p$ : 3 એ અવિભાજ્ય સંખ્યા છે.

$q$ : 3 એ અયુગ્મ સંખ્યા છે.

અહીં વિધાન $p$ અને $q$ બંને સત્ય છે.

**20. સંયોજિત વિધાનનાં ઘટક વિધાન શોધો અને તે સત્ય છે કે અસત્ય તે ચકાસો :**

સોક્રેટીસ એ ગણિતશાસ્ત્રી હતા અથવા તત્ત્વજ્ઞાની હતા.

➥ $p$ : **સોક્રેટીસ એ ગણિતશાસ્ત્રી હતા.**

$q$ : **સોક્રેટીસ એ તત્ત્વજ્ઞાની હતા.**

$\Rightarrow p$ **અને** $q$ **બંને સત્ય છે.**

**21.** **સંયોજિત વિધાનનાં ઘટક વિધાન શોધો અને તે સત્ય છે કે અસત્ય તે ચકાસો :**

5 એ પૂર્ણાંક છે. અને $5^2 = 25$.

➥ **$p$ : 5 એ પૂર્ણાંક છે.**

**$q$ : $(5)^2 = 25$**

**$\Rightarrow$ $p$ અને $q$ બંને સત્ય છે.**

**22.** **વિધાનનાં નિષેધ વિધાન લખો :** ચોરસનું ક્ષેત્રફળ $A = \pi r^2$ સૂત્રથી મળે છે.

➥ **ચોરસનું ક્ષેત્રફળ $A = \pi r^2$ સૂત્રથી મળતું નથી.**

**23.** **વિધાનનાં નિષેધ વિધાન લખો :** લીપ વર્ષમાં 366 દિવસો હોય છે.

➥ **લીપ વર્ષમાં 366 દિવસો હોતા નથી.**